તારું કશું ન હોય તો છોડીને આવ તું,
તારું જ બધું હોય તો છોડી બતાવ તું.

અજવાળું જેના ઓરડે તારા જ નામનું,
હું એ જ ઘર છું એ જ ભલેને ન આવ તું.

પહેર્યું છે એ ય તું જ છે ઓઢ્યું છે એ ય તું,
મારો દરેક શબ્દ તું મારો સ્વભાવ તું.

સાકરની જેમ ઓગળી જઈશ હું ય પણ,
છલકાતો કટોરો ભલેને મોકલાવ તું.

'મિસ્કીન' સાત દરિયા કરી પાર એ મળે,
એ રેખા હથેળીમાં નથી તો પડાવ તું.

◆

ચઢી ઉઠાવવા કાવડ મેં શ્રવણની માફક,
પછી સતત હું વિંધાયો છું હરણની માફક.

કંઈ એમ એક પછી એક લૂંટાતું ચાલ્યું,
હવે આ ઘરને સાચવું છું સ્મરણની માફક.

એક રાજેશ નામના પહાડને મિત્રો,
મથું છું ચીરવા વર્ષોથી ઝરણની માફક.

◆

હૃદય સોંસરું એક જણ નીકળ્યું,
ફરી તળ તૂટ્યાં ને ઝરણ નીકળ્યું.

બુઝાતી પળે મન ઊઠ્યું ઝગમગી,
અચાનક પ્રભાતી સ્મરણ નીકળ્યું.

અને કૈંક શ્રાવણ પછી યાદ આ...
સૂકાંભઠ્ઠ થડ પર પરણ નીકળ્યું.

હતું જીવથી એક વ્હાલું કોઈ,
બીજું એક વ્હાલું મરણ નીકળ્યું.

કર્યો માંડ દરિયો પૂરો સ્વપ્ન લઈ,
પડ્યા એકલા ત્યાં જ રણ નીકળ્યું.

હશે ભીતરે ક્યાંક મૃગજળ નર્યાં
રગેરગ ભટકતું હરણ નીકળ્યું.

◆

એક હું શબ્દ લાગણીનો છું,
દોસ્ત! હું મેઘ વાવણીનો છું.

આ નર્યા હાડચામનો તોયે,
છોડ જાણે લજામણીનો છું.

શ્વાસ લીટા ગણાય લોઢાના
આમ મહેમાન છો, અણીનો છું.

પાથરું છું સુરંગ રગરગમાં,
શખ્સ દુશ્મનની છાવણીનો છું.

આવ કે ઝરમરું હું તારામાં,
હુંય પણ મેળો શ્રાવણીનો છું.

◆

હૈયે તો છું પણ હોઠેથી ભુલાઈ ગયેલો માણસ છું,
હું મારા ડાબા હાથે ક્યાંક મુકાઈ ગયેલો માણસ છું.

સૌ જાણે છે કે ચાવું છું હું પાન હંમેશા મઘમઘતાં,
હર પિચકારીમાં રોજ અહીં થુંકાઈ ગયેલો માણસ છું.

પાણીમાં પડેલા કાગળના અક્ષર જેવા છે શ્વાસ બધા,
જીવું છું ઝાંખુંપાંખું હું ભૂંસાઈ ગયેલો માણસ છું.

પાણીનો છે આભાસ એવો લાગું છું સ્વયં દરિયા જેવો,
કંઈ એવી તરસથી રણ જેવું સુકાઈ ગયેલો માણસ છું.

ક્યારેક એવું પણ લાગે છે આ વસ્તીમાં વસનારાને,
એક સાવ બજારુ ઓરત છું ચુંથાઈ ગયેલો માણસ છું.

સૌ આવી ગુનાહો પોતાના કબૂલીને મનાવે છે મિસ્કીન,
કોને કહેવું હું મારાથી રિસાઈ ગયેલો માણસ છું.

◆